**આણંદની અમૂલ ડેરીની ૮૦મી વાર્ષિક સાધારણ સભા | જાપાનની સુઝુકી સાથે રૂ. ૪૩ કરોડનો બાયો-CNG પ્રોજેક્ટ સ્થાપશે**

# અમૂલ ડેરીનું ટર્ન ઓવર ૧૫ હજાર કરોડને પાર !


**પશુપાલકોને પ્રતિ** કિલો ફેટ દીઠ રૂ. ૧,૦૩૫ ચૂકવ્યા હોવાની વિગતો રજૂ કરાઇ

(પ્રતિનિધિ) આણંદ તા.૧૨

આણંદ સ્થિત અમૂલ ડેરી (ખેડા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.)ની ૮૦મી વાર્ષિક સાધારણ સભામાં પર્યાવરણ સંરક્ષણ અને હરિત ઊર્જા તરફ ઐતિહાસિક પગલું ભરતાં, જાપાનની સુઝુકી કંપની અને એનડીડીબીના સહયોગથી આણંદના ઓડ ખાતે રૂ. ૪૩ કરોડના ખર્ચે બાયો-CNG પ્લાન્ટ સ્થાપવાની મોટી જાહેરાત કરવામાં આવી છે. આ ઉપરાંત, સંઘે વર્ષ ૨૦૨૫-૨૬માં વાર્ષિક રૂ. ૫,૧૧૪ કરોડથી વધુનું ટર્નઓવર મેળવીને અમેરિકા અને સ્પેન બાદ હવે અન્ય દેશોમાં પણ ગ્લોબલ નેટવર્ક વિસ્તારવાનો સંકલ્પ વ્યક્ત કર્યો છે.

આણંદ ખાતે ખેડા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘના ચેરમેન સાભેસિંહ પરમારના અધ્યક્ષસ્થાને યોજાયેલી ૮૦મી વાર્ષિક સાધારણ સભામાં જણાવવામાં આવ્યું હતું કે, ઓડ ખાતે દૈનિક ૭૫ મેટ્રિક ટન ગોબર પ્રોસેસિંગ ક્ષમતા ધરાવતો બાયો-CNG પ્લાન્ટ સ્થાપવામાં આવશે. આ પ્રોજેક્ટમાં પ્રારંભિક રોકાણ જાપાનની સુઝુકી કંપની દ્વારા કરવામાં આવશે, જે પશુઓના ગોબરનો વૈજ્ઞાનિક ઉપયોગ કરીને સ્વચ્છ અને પર્યાવરણમૈત્રી ઈંધણ ઉત્પન્ન કરશે. આ ઉપરાંત સંઘે વર્ષ ૨૦૨૫-૨૦૨૬ દરમિયાન સરેરાશ ૪૮.૩૫ લાખ કિલોગ્રામ દૂધનું દૈનિક સંપાદન કર્યું છે અને ૭.૨૦ ટકાના વધારા સાથે વાર્ષિક રૂ. ૫,૧૧૪ કરોડનું ટર્નઓવર નોંધાવ્યું છે. માત્ર રૂ. ૧૦૦ની શેર મૂડીથી શરૂ થયેલી અમૂલ ડેરી આજે રૂ. ૧૫,૦૦૦ કરોડથી વધુના વ્યવસાયે પહોંચી છે. સંઘે દૂધ ઉત્પાદકોને પ્રતિ કિલો ફેટ દીઠ રૂ. ૧,૦૩૫ ચૂકવ્યા છે અને ૭ લાખથી વધુ દૂધ ઉત્પાદકો આ સંસ્થા સાથે જોડાયેલા છે.

આ વાર્ષિક સાધારણ સભામાં મુખ્ય અતિથિ તરીકે રાજ્ય સરકારના કેબિનેટ મંત્રી રમણભાઈ સોલંકી, ખેડા જિલ્લાના સાંસદ દેવુસિંહ ચૌહાણ ઉપરાંત ધારાસભ્ય અર્જુનસિંહ ચૌહાણ, રાજેશભાઇ ઝાલા, માનસિંહ ચૌહાણ, કેડીસીસી બેંકના ચેરમેન તેજસભાઈ પટેલ, ખેડા જિલ્લા પંચાયતના પ્રમુખ હિતેશકુમાર તડવી અને આણંદ જિલ્લા પંચાયતના પ્રમુખ જીલુભા સિંધા વિશિષ અતિથી તરીકે હાજર રહ્યાં હતાં.




**અમેરિકા- સ્પેન બાદ વધુ વિદેશી બજારો પર નજર**



અમૂલ ડેરીએ અમેરિકા અને સ્પેનમાં સફળતાપૂર્વક પોતાનો વ્યવસાય વિસ્તાર્યો છે અને હવે ટૂંક સમયમાં જ અન્ય દેશોમાં પણ વ્યવસાય વિસ્તારવાની યોજના છે. આ ઉપરાંત પશુપાલકો માટે સોર્ટેડ સેક્સ સીમેન, એમ્બ્રિયો ટ્રાન્સફર, ડિજિટલ કાઉ બેલ્ટ અને ઓડ ખાતેના સીમેન સ્ટેશનને ભારત સરકાર તરફથી મળેલા 'A-Grade Certificate' જેવી સિદ્ધિઓ પણ સભામાં રજૂ કરાઈ હતી. આ સભામાં તમામ એજન્ડા સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યા હતા.

## આણંદમાં વિદેશ મોકલવાના નામે ૧૦.૪૮ લાખની ઠગાઈ

**'એરીસ** ઓવરસીઝ'ના ત્રણ સંચાલકો સામે પોલીસે ગુનો નોંધ્યો

(પ્રતિનિધિ) આણંદ તા.૧૨

આણંદ શહેરમાં વિદેશ જવા ઈચ્છુક યુવકોને વર્ક પરમિટ અને નોકરીની લાલચ આપી લાખો રૂપિયા પડાવી લઈ બોગસ દસ્તાવેજો પધરાવી દેતી ઠગ ટોળકી સામે આણંદ ટાઉન પોલીસ મથકે ફરિયાદ નોંધાતા પોલીસે ગુનો નોંધ્યો હતો.

વડોદરાના તરસાલી વિસ્તારમાં રહેતા મેહુલ ગીરીશચંદ્ર શર્મા અને તેમના મામાના દીકરા કૃણાલ પારેખ વિદેશ જવાની તૈયારી કરી રહ્યા હતા. તે દરમિયાન તેઓ આણંદના ૧૦૦ ફૂટ રોડ પર મારુતિ ટ્રેડર્સ કોમ્પ્લેક્સમાં આવેલી 'એરીસ ઓવરસીઝ' કન્સલ્ટન્સીના સંચાલકો દિવ્યેશ કિશોરભાઈ ગોહીલ, અમીત ઘનશ્યામભાઈ પટેલ અને આકાશ શાહ (પરમાર)ના સંપર્કમાં આવ્યા હતા.

આ બંને યુવકોને ફિનલેન્ડ તેમજ ઓસ્ટ્રિયામાં વર્ક પરમિટ વિઝા અને કંપનીમાં નોકરી અપાવવાનો ભરોસો આપી પ્રોસેસ ફી પેટે કટકે કટકે કુલ ૧૦.૪૮ લાખની રકમ રોકડેથી તથા બેંક ટ્રાન્સફર મારફતે મેળવી લીધી હતી. બાદમાં બંને યુવકોને દિલ્હી અને ગોવા ખાતે વી.એફ.એસ. (VFS)માં દસ્તાવેજો જમા કરાવવા મોકલ્યા હતા, જ્યાં તપાસ દરમિયાન તેમના દસ્તાવેજો બનાવટી હોવાનું ખુલ્યું હતું.

આ અંગે આણંદ ટાઉન પોલીસે ત્રણેય આરોપીઓ વિરુદ્ધ બી.એન.એસ.ની વિવિધ કલમો હેઠળ છેતરપિંડી અને બનાવટી દસ્તાવેજનો ગુનો નોંધી આગળની કાયદાકીય તપાસ હાથ ધરી છે.

**નડિયાદમાં વગદાર લોકોના ઈશારે ગોડાઉન અને સિઝનેબલ ધંધા માટે દુકાનો પચાવી પડાઈ**

## નડિયાદ મનપાના સંતરામ નિલયમ કોમ્પ.ની દુકાનોમાં વેપારીનો કબજો

**હરાજી વિના જ** દુકાનોનો ગેરકાયદે ઉપયોગ શરૂ થતાં મનપાને કરોડોનું નુકશાન

(પ્રતિનિધિ) નડિયાદ, તા.૧૨

નડિયાદ શહેરની મધ્યમાં આવેલા મહાનગરપાલિકા હસ્તકના સંતરામ નિલયમ કોમ્પ્લેક્ષમાં હરાજી વગર અને ચોપડે કોઈ જ નોંધ કર્યા વિના કેટલીક દુકાનોનો ગેરકાયદેસર ઉપયોગ થઈ રહ્યો હોવાનું મોટું કૌભાંડ પ્રકાશમાં આવ્યું છે. છેલ્લા કેટલાક વર્ષોથી દુકાનોના તાળાં ખોલીને તેનો ખાનગી મિલકતની જેમ બેરોકટોક ઉપયોગ કરવામાં આવી રહ્યો હોવા છતાં સ્થાનિક તંત્ર સંપૂર્ણપણે નિંદ્રાધીન અવસ્થામાં હોય તેમ આંખ આડા કાન કરી રહ્યું છે.



નડિયાદ મહાનગરપાલિકા દ્વારા આ કોમ્પ્લેક્ષની કેટલીક દુકાનોની હરાજી કરવામાં આવી નથી કે તેને ભાડાપટ્ટે પણ આપવામાં આવી નથી. આમ છતાં, કેટલાક સ્થાનિક વગદાર લોકોના ઈશારે અને રહેમનજર હેઠળ આ દુકાનોમાં સિઝનેબલ ધંધા ચલાવવામાં આવી રહ્યા છે અને માલસામાન રાખવા માટે ગોડાઉન તરીકે તેનો ઉપયોગ થઈ રહ્યો છે. જવાબદાર અધિકારીઓ દ્વારા ક્યારેય આ સ્થળની તપાસ કરવામાં ન આવતા ગેરકાયદેસર કબજો જમાવનારાઓને મોકળું મેદાન મળી ગયું છે.

એક તરફ મહાનગરપાલિકા હસ્તકની અનેક મિલકતોની ભાડાની આવક બંધ હોવાથી સરકારી તિજોરીને કરોડો રૂપિયાનું નુકસાન થઈ રહ્યું છે. બીજી તરફ પોતાની જ માલિકીની દુકાનોમાં ચાલતા આ ગેરકાયદેસર કબજા અંગે તંત્ર અજાણ હોવાનો ડોળ કરી રહ્યું છે. આ સમગ્ર પ્રકરણમાં તાત્કાલિક ધોરણે તટસ્થ તપાસ કરવામાં આવે અને ગેરકાયદેસર રીતે વપરાતી તમામ દુકાનોનો મહાનગરપાલિકા દ્વારા પરત કબજો લેવામાં આવે તેવી પ્રબળ લોકમાંગ ઉઠી છે.

## ચરોતર પંથકમાં ભાદરવો ભરપૂર રહેવાની આશા

**ગાજવીજ સાથે છુટો** છવાયો વરસાદ પડ્યો

(પ્રતિનિધિ) આણંદ તા.૧૨

આણંદ શહેરમાં શનિવારની સાંજ બાદ વાતાવરણમાં પલટો આવ્યો હતો. દિવસભર વાદળછાંયું વાતાવરણ અને બફારા વચ્ચે મોડી સાંજે ગાજવીજ સાથે છુટો છવાયો વરસાદ શરૂ થયો હતો. આ વરસાદના પગલે વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. જ્યારે ગ્રામ્ય વિસ્તારમાં પણ ખેડૂતોમાં થોડા ઘણા અંશે હાશકારો જોવા મળ્યો હતો.

આણંદ શહેરમાં દિવસભરની ગરમી અને ઉકળાટ બાદ સમી સાંજે વરસાદી વાતાવરણ જોવા મળ્યું હતું. આણંદ શહેર અને જિલ્લામાં શનિવારે મહત્તમ તાપમાન 35 ડિગ્રી સાથે ભેજનું પ્રમાણ 85 ટકા હોવાથી સખત ઉકળાટનો અનુભવ થઇ રહ્યો હતો. આ ઉપરાંત વાદળછાયા વાતાવરણના કારણે ગમે ત્યારે વરસાદ પડે તેવી શક્યતા જોવા મળી હતી. જોકે, મોડી સાંજે આ આશા પુરી થતી જણાઇ હતી. ક્યાંક છાંટા રૂપે તો ક્યાંક ધીમીધારે વરસાદ શરૂ થયો હતો. આ ઉપરાંત ગાજવીજના કારણે ભારે વરસાદ પડે તેવું વાતાવરણ જોવા મળ્યું હતું.

આણંદમાં વરસાદી માહોલ અને વાતાવરણમાં પ્રસરેલી ઠંડકના કારણે પ્રકૃતિને જાણે નવું રૂપ મળ્યું હોય તેવો આહલાદક માહોલ સર્જાયો હતો. મેઘરાજાની આ પધરામણીથી સ્થાનિક ગ્રામજનોમાં આનંદની લહેર પ્રસરી ગઈ હતી અને અનેક લોકોએ વરસાદમાં પલળીને મોસમની મજા માણી હતી. બીજી તરફ, લાંબા અંતરાલ બાદ પડેલો આ વરસાદ ખેડૂતો માટે પણ આશાના નવા કિરણો લઈને આવ્યો છે.

**ચરોતરના બજારોમાં ગણપતિ બાપ્પાની આકર્ષક મૂર્તિઓનું આગમન**





વિઘ્નહર્તા શ્રી ગણેશજીના આગમનને ગણતરીના દિવસો બાકી હોવાથી શ્રદ્ધાળુઓમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. નડિયાદ શહેરના મુખ્ય માર્ગો અને બજારોમાં ગણપતિ બાપ્પાની અવનવી તથા આકર્ષક મૂર્તિઓનું આગમન થઈ ચૂક્યું છે. લોકોએ શ્રદ્ધા મુજબ મૂર્તિઓની ખરીદી શરૂ કરી પોતાના ઘરે અને પંડાલોમાં સ્થાપનાની તૈયારીઓ આરંભી દીધી છે. આગામી ૧૦ દિવસીય ગણેશ મહોત્સવ નિમિત્તે બાપ્પાના સ્વાગત માટે મંડળો અને શ્રદ્ધાળુઓની તૈયારીઓ આખરી તબક્કામાં પહોંચી છે.

## આણંદની ખાનગી હોસ્પિ.માં દર્દીના દાગીના ચોરાયાં

**દર્દીની ૧.૩૫ લાખની** બંગડી સહિત ૧.૯૦ લાખની ચોરી

(પ્રતિનિધિ) આણંદ તા.૧૨

આણંદ શહેરની કલ્પના ટોકીઝ સામે આવેલી ખાનગી હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા મહિલા દર્દી બેભાન હતાં તે સમયે તેમના હાથમાંથી સોનાની અસલી બંગડી કાઢીને તેના સ્થાને નકલી ધાતુની બંગડી પહેરાવી દેવાની શરમજનક ઘટના સામે આવી છે. આ મામલે આણંદ ટાઉન પોલીસ મથકે ગુનો નોંધાયો છે.

આણંદના અંબિકાનગરમાં રહેતા ચંપાબેન સત્યવ્રતભાઈ પટેલ આંતરડાની બીમારી સબબ હોસ્પિટલના ડીલક્સ-૨ રૂમમાં દાખલ હતા. સારવાર દરમિયાન દર્દી બેભાન અવસ્થામાં હતા ત્યારે તેમના જમણા હાથમાં પહેરેલી ૧.૩૫ લાખની કિંમતની સોનાની મશીન કટિંગ બંગડી ગાયબ થઈ ગઈ હતી. સ્ટાફની પૂછપરછ બાદ દર્દીના હાથમાં બંગડી જોવા મળતા સગાંઓએ તપાસ કરી હતી, જેમાં તે સોનાની નહીં પણ અન્ય નકલી ધાતુની હોવાનું ખુલ્લું પડ્યું હતું.

આ ઉપરાંત થોડા સમય અગાઉ હોસ્પિટલના લોકરમાંથી અન્ય મહિલા કર્મચારીની ૫૫ હજારની સોનાની કડીઓ અને મંગળસૂત્રની પણ ચોરી થઈ હતી. આમ કુલ ૧,૯૦,૦૦૦ની ચોરી અંગે હોસ્પિટલના સંચાલક ડૉ. વિજય જોન મેકવાને ફરિયાદ નોંધાવી છે. પોલીસે હોસ્પિટલમાં છેલ્લા બે મહિનાથી ફરજ બજાવતા જોળના નર્સિંગ સ્ટાફ કેયુરકુમાર રાજેશભાઈ પ્રજાપતિ સામે ચોરીની શંકા દર્શાવતી ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે. હાલ આ અંગે શહેર પોલીસે તપાસ હાથ ધરી છે.

**આણંદના બિલ્ડર અરવિંદ ચાવડા સામે છેતરપિંડીનો ગુનો નોંધાયો**

## ચીખોદરામાં ખેતીની જમીન પર સોસાયટી ખડકી દેવાઈ

**બિલ્ડરે ૧૫ મકાનો** બનાવી જમીન પચાવી પાડતા પોલીસે ગુનો નોંધ્યો

(પ્રતિનિધિ) આણંદ તા.૧૨

આણંદ તાલુકાના ચીખોદરા ગામની સીમમાં આવેલી વેપારીની કરોડો રૂપિયાની કિંમતી ખેતીની જમીન પર ગેરકાયદે કબજો જમાવીને 'ધરતી ઉપવન' નામની આખી સોસાયટી ઊભી કરી દેવાનો ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. સરકારી તંત્રના આદેશો અનાદર કરી જમીન ખાલી ન કરાતાં આખરે જિલ્લા લેન્ડ ગ્રેબિંગ કમિટીના સર્વાનુમતે નિર્ણય બાદ આણંદ રૂરલ પોલીસ મથકે ગુનો નોંધવામાં આવ્યો છે.

આણંદની રાજમંદીર સોસાયટીમાં રહેતા વેપારી હર્ષદભાઈ રજનીકાન્ત પટેલે વર્ષ ૨૦૧૪માં ચીખોદરા મુકામે સર્વે નં. ૨૦૮/૨ પૈકીની ખેતીલાયક જમીન રજિસ્ટર્ડ દસ્તાવેજથી ખરીદી હતી. વર્ષ ૨૦૧૯માં જ્યારે તેઓ જમીન જોવા ગયા ત્યારે ચીખોદરા ચોકડી સ્થિત મીરાપાર્કના અરવિંદભાઈ ભાઈલાલભાઈ ચાવડાએ આ જમીન પર ગેરકાયદે દબાણ કરી 'ધરતી ઉપવન' નામની સોસાયટી ઊભી કરી આશરે ૧૫ જેટલા મકાનોનું અનઅધિકૃત બાંધકામ કરી દીધું હોવાનું સામે આવ્યું હતું.

આ ગેરકાયદે દબાણ મામલે મામલતદાર તેમજ નાયબ કલેક્ટર દ્વારા બાંધકામ દૂર કરી જમીન મૂળ સ્થિતિમાં લાવવા સ્પષ્ટ હુકમો કરવામાં આવ્યા હતા, છતાં આરોપીએ જગ્યા ખાલી કરી નહોતી. આખરે આ મામલો જિલ્લા કલેક્ટરની અધ્યક્ષતાવાળી જિલ્લા લેન્ડ ગ્રેબિંગ કમિટી સમક્ષ પહોંચ્યો હતો. તપાસ દરમિયાન સામેવાળાનો અનઅધિકૃત કબજો સાબિત થતાં કમિટીના સર્વાનુમતે લેવાયેલા નિર્ણયના આધારે પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, આ જમીન પર બનેલા મકાનો વેચાયા છે કે કેમ ? જો વેચાયા હોય તો ખરીદનારની સ્થિતિ શું છે ? તે અંગે કડક તપાસ કરવા માગણી ઉઠી છે.

## આણંદના પ્રાપ્તિ સર્કલ અને આઝાદ મેદાન વિસ્તારમાં દબાણો દુર કરાયાં

**કરમસદ-આણંદ** મહાપાલિકા દ્વારા જાહેર માર્ગો પરથી અડચણરૂપ દબાણ સામે કાર્યવાહી

(પ્રતિનિધિ) આણંદ તા.૧૨

કરમસદ-આણંદ મહાનગરપાલિકાના એસ્ટેટ વિભાગ દ્વારા શહેરના મુખ્ય માર્ગોને દબાણમુક્ત અને વ્યવસ્થિત બનાવવાના ભાગરૂપે પ્રાપ્તિ સર્કલ પાસે અનધિકૃત દબાણો દૂર કરવાની સઘન કામગીરી હાથ ધરવામાં આવી છે. આ કાર્યવાહી દરમિયાન વાહનવ્યવહાર અને પદયાત્રીઓને અડચણરૂપ બનતા અસ્થાયી માળખાં તાત્કાલિક અસરથી હટાવી લેવાયા હતા.

કરમસદ - આણંદ મનપાના એસ્ટેટ વિભાગની ટીમે બેઠક મંદિરથી લઈને આઝાદ મેદાન સુધીના સમગ્ર માર્ગ પર વિશેષ નિરીક્ષણ કર્યું હતું. આ વિસ્તારના તમામ દુકાનદારો અને વેપારીઓને જાહેર માર્ગ કે ફૂટપાથ પર કોઈપણ પ્રકારનું દબાણ ન કરવા સૂચના આપવામાં આવી છે અને નિયમોનો ભંગ કરનાર સામે કાયદેસરની કાર્યવાહી કરવાની સ્પષ્ટતા કરાઈ છે.



નાગરિકો અને વાહનચાલકોને સરળ, સુગમ તથા સુરક્ષિત માર્ગવ્યવસ્થા મળી રહે અને ટ્રાફિકની સમસ્યામાંથી રાહત મળે તે પાલિકાની પ્રાથમિકતા છે. આ હેતુથી પાલિકા પ્રશાસન દ્વારા સતત અને નિયમિત કાર્યવાહી કરવામાં આવી રહી છે. મહાનગરપાલિકા તંત્ર દ્વારા તમામ વેપારીઓ અને નાગરિકોને સ્વયંભૂ રીતે માર્ગો પર દબાણ ન કરવા અને શહેરને સ્વચ્છ, સુંદર તથા દબાણમુક્ત રાખવાના આ કાર્યમાં સંપૂર્ણ સહયોગ આપવા અપીલ કરવામાં આવી છે.




ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

| આણંદ | નડિયાદ |
| --- | --- |
| જય એન્ટરપ્રાઈઝ<br>કિશોર પ્લાઝા,<br>આણંદ. | ઈશાન ન્યુઝ પેપર એજન્સી<br>સાગર ભુવન, ડભાણ<br>ભાગોળ, નડિયાદ |

**કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો**
**મો. 99250 30225, મો. 99255 50225**